iORA Portal પર કરવામાં આવતી જમીન મહેસૂલ સંહિતા,૧૮૭૯ તથા ગણોતધારા અને વિવિધ મહેસુલી કાયદા સંબંધિત પરવાનગીની ઓનલાઇન કાર્યપદ્ધતિમાં સરળીકરણ બાબત (પ્રોસેસ-ફી)

**ગુજરાત સરકાર**

મહેસૂલ વિભાગ

પરિપત્ર ક્રમાંક : બખપ/૧૦૨૦૧૮/૪૨૫/ક

સચિવાલય, ગાંધીનગર.

તા: ૨૬-૦૯-૨૦૨૨

**<u>સંદર્ભ :</u>**

(૧) મહેસૂલ વિભાગનો તા.૦૧/૦૭/૨૦૦૮ નો ઠરાવ ક્રમાંકઃ બખપ/૧૦૦૬/૪૨૫/ક
(૨) મહેસૂલ વિભાગનો પરિપત્ર ક્રમાંકઃ બખપ/૧૦૨૦૧૮/૪૨૫/ક, તા.૧૬/૮/૨૦૧૮
(૩) મહેસૂલ વિભાગનો પરિપત્ર ક્રમાંકઃ બખપ/૧૦૨૦૧૮/૪૨૫/ક, તા.૧૨/૧૨/૨૦૧૮
(૪) મહેસૂલ વિભાગનો પરીપત્ર ક્રમાંકઃ બખપ/૧૦૨૦૧૮/૪૨૫/ક, તા.૦૮/૦૩/૨૦૧૯
(૫) મહેસૂલ વિભાગનો પરિપત્ર ક્રમાંક: બખપ/૧૦૨૦૧૮/૪૨૫/ક, તા.૨૯/૦૭/૨૦૧૯
(૬) મહેસૂલ વિભાગનો પરિપત્ર ક્રમાંક: બખપ/૧૦૨૦૧૮/૪૨૫/ક, તા.૦૭/૦૨/૨૦૨૦

**:: પરિપત્ર ::**

જમીન મહેસૂલ સંહિતા,૧૮૭૯ ની કલમ-૬૫ અંતર્ગત બીનખેતી પરવાનગીની સંદર્ભ (૧) દર્શિત ઠરાવથી અમલી કાર્યપધ્ધતિ સરળીકરણના ભાગરુપે સંદર્ભ (૨)અને (૪)દર્શિત પરિપત્રથી સમગ્ર રાજ્યમાં ઓનલાઇન કરવામાં આવેલ છે. ત્યારબાદ iORA Portal પર ગણોતધારા અને વિવિધ મહેસુલી કાયદા હેઠળની સેવાઓ પણ ઓનલાઇન કરવામાં આવેલ છે.

અરજદારોની મુશ્કેલીઓના નિવારણ અર્થે સંદર્ભ (૫) તથા (૬) દર્શિત પરિપત્ર દ્વારા, iORA Portal પર જમીન મહેસૂલ સંહિતા, ૧૮૭૯ ની વિવિધ કલમો તથા ગણોતધારા અને વિવિધ મહેસુલી કાયદા હેઠળની સેવાઓ માટે ઓનલાઇન પરવાનગીની અરજી કરતી વખતે જરૂરી સુધારા વધારા કરી,અરજદારના પક્ષે કોઇ ક્ષતિ કે ત્રુટી ન હોય તેવા કિસ્સામાં અરજી કર્યા તારીખથી સાત (૦૭) દિવસમાં પૂર્તતા કરવાનો સમય આપવામાં આવે છે. આ સાત (૦૭) દિવસની સમયમર્યાદા બાદ અરજદાર, તે વિષય અને તે જ જમીનને લગતી પુન: અરજી છ (૦૬) માસની સમયમર્યાદામાં કરે તો આવી પુન: અરજીના કિસ્સામાં ફી ભરવાની રહેતી નથી. પ્રથમ અરજી કર્યા તારીખથી 'છ' (૦૬) માસના સમયગાળામાં માત્ર એક જ વખત તે જ વિષય અને તે જ જમીનને લગતી પુન: અરજી કોઈપણ જાતની ફી ની ચુકવણી વિના કરી શકાય તેવી જોગવાઈઓ હાલમાં અમલી છે. જો આવી પુન: અરજી પણ નિયમાનુસારના કારણોસર અસ્વીકાર કરવામાં આવે તો અરજદારશ્રીએ ફરીથી નવી અરજી કરીને પ્રોસેસ ફી ભરપાઇ કરવાની જોગવાઈ હાલમાં અમલી છે.

૨. જમીન મહેસૂલ સંહિતા, ૧૮૭૯ ની વિવિધ કલમો હેઠળ બીનખેતી પરવાનગીની તથા ગણોતધારા અને વિવિધ મહેસુલી કાયદા હેઠળની સેવાઓની અરજી કરતી વખતે માંગણીવાળા ક્ષેત્રફળ પર આધારીત પ્રોસેસ ફી રૂ.૦.૫૦/- પૈસા પ્રતિ ચો.મી. લેખે વસુલવામાં આવે છે. જે રકમ ઇ-ધરા ફંડ ખાતે જમા થાય છે. નિયમાનુસારના કારણોસર અસ્વીકાર કરવામાં આવેલ આવી પુન: અરજી કર્યા બાદ તે જ જમીન અને તે જ વિષયને લગતી બિનખેતી અથવા અન્ય પરવાનગીની નવી અરજી કરતી વખતે ફરીથી પ્રોસેસ ફી ભરપાઇ કરનાર અરજદારોને નાણાકીય ભારણ વધુ પડતું હોય તેમ અનુભવે જણાઇ આવેલ છે.

૩. અરજદારોને પડતી આ મુશ્કેલીનું નિવારણ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી,તદઅન્વયે પુખ્ત વિચારણાને અંતે નિમ્નલિખિત સુચનાઓ પરિપત્રિત કરવામાં આવે છે :

*" જમીન મહેસૂલ સંહિતા, ૧૮૭૯ ની વિવિધ કલમો તથા ગણોતધારા અને વિવિધ મહેસુલી કાયદા હેઠળની પરવાનગી મેળવવા માટે પૂર્વ ચકાસણી અધિકારી દ્વારા નિયમાનુસારના કારણોસર અસ્વીકાર થયેલ પુન:અરજીના કિસ્સામાં અથવા જિલ્લા કક્ષાએથી દફતરે થયેલ અરજીના કિસ્સામાં અરજદાર દ્વારા તે જ વિષય અને તે જ જમીનને લગતી નવી અરજી અગાઉ જે મોબાઇલ નંબર અને ઇ-મેઇલ આઇડીથી કરવામાં આવી હોય તે જ મોબાઇલ નંબર અને ઇ-મેઇલ આઇડીથી કરવામાં આવે ત્યારે અરજદાર દ્વારા ભરવાની થતી માંગણીવાળા ક્ષેત્રફળ પર આધારીત પ્રોસેસ ફી પ્રવર્તમાન રૂ.૦.૫૦/- પૈસાના બદલે રૂ.૦.૧૦/- પૈસા પ્રતિ ચો.મી. લેખે વસુલવા આથી નિયત કરવામાં આવે છે."*

૪. મહેસૂલ વિભાગના સંદર્ભ (૫) તથા (૬) દર્શિત પરિપત્રની અન્ય તમામ જોગવાઇઓ યથાવત રહેશે.

૫. પ્રોજેક્ટ મેનેજરશ્રી(SMC) દ્વારા NIC પાસેથી ઉપર્યુક્ત ફકરા (૩) મુજબના આવશ્યક સુધારા વધારા અરજદારશ્રીના એકાઉન્ટમાં અને પૂર્વ ચકાસણી અધિકારીના લોગિનમાં કરાવી લેવાના રહેશે.

૬. આ પરિપત્રનો અમલ પરિપત્રની પ્રસિધ્ધિની તારીખથી કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( સુનિલ સલુજા )
સેકશન અધિકારી
મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજ ભવન, ગાંધીનગર( પત્ર દ્વારા )
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી , સ્વર્ણિમ સંકુલ, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાણામંત્રીશ્રીના અંગત સચિવશ્રી , સ્વર્ણિમ સંકુલ, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રી શ્રી(મહેસૂલ) ના અંગત સચિવશ્રી સ્વર્ણિમ સંકુલ, સચિવાલય, ગાંધીનગર.
- તમામ માન.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી સ્વર્ણિમ સંકુલ, સચિવાલય, ગાંધીનગર.
- તમામ માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવ શ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- સચિવશ્રી(જ.સુ.) અને મહેસુલ તપાસણી કમિશનરશ્રી ,બ્લોક નંબર 11, સચિવાલય,ગાંધીનગર.
- સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામકશ્રી, ખ-5 સર્કલ, સેક્ટર-14,ગાંધીનગર.
- ખાસ સચિવશ્રી( વિવાદ),મહેસૂલ વિભાગ, સોલા વિદ્યાપીઠ સામે, અમદાવાદ.
- સર્વે કલેકટરશ્રીઓ.
- એકાઉન્ટન્ટ જનરલ શ્રી ગુજરાત રાજ્ય અમદાવાદ અને રાજકોટ.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી ,શહેરી વિસ્તાર વિકાસ સત્તા મંડળ ,અમદાવાદ.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી ,શહેરી વિસ્તાર વિકાસ સત્તા મંડળ, ગાંધીનગર.
- સર્વે મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ.
- પ્રોજેક્ટ મેનેજરશ્રી(SMC) - NIC પાસે જરૂરી સુધારા વધારા કરાવવા અર્થે
- સીસ્ટમ મેનેજરશ્રી, મહેસૂલ વિભાગ, પરિપત્રની નકલ વિભાગની વેબસાઇટ પર મૂકવા સારૂ.
- શાખા સિલેકટ ફાઇલ-ક શાખા.